શહેરમાં ઘ-માર્ગ દુર્ગંધયુક્ત બન્યો

તંત્ર સેલ્ટર હોમ બનાવવામાં ઉણું ક્યારે ઉતરશે ?: માર્ગોની આસપાસ કામદારો અને ઝુંપડપટ્ટીમાં રહેતા લોકો દ્વારા શૌચક્રીયા થતી હોવાથી ગંદકીનું દુષણ ફેલાયું

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં ઘ-માર્ગ શહેરનો મુખ્ય માર્ગ છે. જે ઘ-૦ થી શરૂ થાય છે. આ માર્ગ ઉપર ઘ-૦ થી ઘ-૩ એટલે પથિકા સર્કલ સુધી આટલા વર્ષોથી લગભગ ૧૦ વખત રોડ સાઈડની જમીનમાં ફોરેસ્ટની જમીનમાં તાર ફેન્સીંગ કરવામાં આવી છે. પરંતુ આ ફેન્સીંગમાં મજૂરીકામ કરતા કામદારો તેમના ઝુંપડા બાંધીને રહે છે. વન અધિકારીઓએ કોઈ કડક પગલા ભરીને આક્રમક નીતિ અપનાવી ન હોવાને કારણે ફેન્સીંગ તોડીને થાંભલા પાડીને વસવાટ અને ગંદકી કરે છે. વન વિભાગ માત્ર એક બોર્ડ લગાવે કે 'આ આરક્ષિત વિસ્તાર છે, અનધિકૃત પ્રવેશ, વપરાશ કે ગંદકી કરનાર સામે ફોજદારી, પોલીસ કાર્યવાહી કરવામાં આવશે તો જ લોકોમાં ભયથી ગંભીરતા આવશે. રોજ સવારે સાંજે વોકિંગ વખતે કે ઓફિસ જતી વખતે ૨૪ કલાક સંડાસની દુર્ગંધ મારી રહી છે. જે અસહ્ય બની જાય છે માટે ફરિયાદો ઉઠવા પામી છે.

પાટનગરમાં આ સમસ્યા વધવા પામી છે. માર્ગોની આસપાસ ફૂટપાથ પર ઝુંપડામાં રહેતા કામદારો દ્વારા અસહ્ય ગંદકી ફેલાવવામાં આવતા શહેરીજનો પરેશાન બન્યા છે. જેમાં લોકોને દુર્ગંધમાંથી પસાર થવુ એક મિનિટ માટે પણ સહન થઈ શકે તેમ નથી એટલી અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે.

પથિકા સર્કલથી વચ્ચે મોટા ગ્રાઉન્ડ આવેલા છે જ્યાં કામદારો અને ઝુંપડપટ્ટીમાં રહેતા લોકો શૌચ માટે જાય છે. આ ગ્રાઉન્ડમાં ઘણા બધા કાર્યક્રમો યોજાય છે, મોટી સંખ્યામાં લોકોની અહીંયા અવરજવર રહેતી હોય છે તેવામાં આ દુર્ગંધ અને ગંદકી નિંદનીય છે.

તંત્ર દ્વારા મજૂરો અને ઝુંપડપટ્ટીમાં રહેતા લોકો માટે સેલ્ટર હોમ બનાવવા જોઈએ. ત્રણ ત્રણ વખત સેલ્ટર હોમ બનાવવાના નિર્ણયો લેવાયા છતા હજી સુધી તંત્ર આ બાબતે ઉણુ ઉતર્યુ જ નથી. તેથી કામદારો અને ઝુંપડપટ્ટીવાળા લોકો જાહેરમાં શૌચક્રીયા કરવા મજબૂર બન્યા છે. જેમાં ગંદકી એ દુર્ગંધના કારણે શહેરીજનોને હાલાકી ભોગવવી પડી રહી છે. આ બાબતે તંત્રે તાત્કાલિક વિચાર વિમર્શ કરવો જોઈએ અને સેલ્ટર હોમની વ્યવસ્થા કરવી જોઈએ. અન્યથા ગાંધીનગર દુર્ગંધ નગર બની જશે.

ગાંધીનગરની જીએનએલયુ ખાતે યોજાયેલા સ્પોર્ટ્સ ફેસ્ટમાં રમાયેલી જસ્ટિસ લીગમાં પીડીઈયુની ગર્લ્સ વોલીબોલ ટીમે નિરમા યુનિવર્સિટીની ટીમને પરાજિત કરીને ફાઈનલ મેચ જીતી લીધી હતી.

ચિલોડા શ્રી બળિયા દેવ મહારાજ અને શ્રી મહાકાળી માતાયજી યુવક મંડળ આયોજિત શ્રી મહાકાળી માતાજી મંદિરનો જીર્ણોદ્ધાર અને પ્રાણપ્રતિસ્ઠા નિમિતે દર વર્ષે યોજાતા ગરબામહોત્સવ ધામધૂમથી માનતાના ફુલારા ગરબા મહિલાઓ માથે ગરબે ઘૂમી ગરબે રમી ઉમંગભેર ભાગ લીધો હતો. ગાયક કલાકાર માનસી કુમાવતનું વૃન્દએ સૂરીલી કંઠે સંગીતના તાલે ભવ્ય ગરબા મહોત્સવ યાદગાર પ્રસંગ બન્યો હતો.

ઓલ ઈન્ડિયા ઈન્ટર સાઈ હેન્ડબોલ ટુર્નામેન્ટમાં હરિયાણા ચેમ્પિયન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતેના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના એનસીઓઈના પ્રાદેશિક કેન્દ્ર દ્વારા તા.૨૪થી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન ઓલ ઈન્ડિયા ઈન્ટર સાઈ હેન્ડબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ રાજ્યોમાંથી પુરુષ વિભાગમાં સાત ટીમોએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં હરિયાણાની બવાના એસટીસી પ્રથમ ક્રમાંકે, આંધ્રપ્રદેશની કુરનુલ એસટીસી તૃતીય સ્થાને અને પંજાબની એસટીસી ટીમે તૃતીય સ્થાન મેળવ્યું હતું.

સમપાન સમારોહમાં સાંસદ જુગલજી ઠાકોર અને મથુરજી લોખંડવાલા, સિવિલ એવિએશનના રિજનલ ડાયરેક્ટર અરવિંદ ત્રિપાઠી ઉપરાંત સાઈના આસિસ્ટન્ટ ડાયરેક્ટર વિનય કે.એમ. અને ઓમકાર કાવટે ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન હેન્ડબોલ કોચ કાર્તિકેય દ્વારા કરવામાં આવ્યું હતું.

ઝોન કક્ષાની યોગ સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કરાયા

વિજેતા ખેલાડીઓને અનુક્રમે રૂ.૨૫ હજાર, ૧૫ હજાર અને ૧૧ હજારના ઇનામ સાથે મેડલ્સ તેમજ સર્ટિફિકેટ્સ એનાયત કરાયાં

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યના રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત જિલ્લા કક્ષાએ વિજેતા ખેલાડીઓની ગાંધીનગર મહાનગરપાલિકા -ઝોન કક્ષા "યોગ સ્પર્ધા"માં વિજેતા ખેલાડીઓને સન્માનિત કરવાનો સમારોહ સેકટર-૨૧ ખાતે સચિવાયલ જીમખાના ખાતે યોજાયો હતો જેમાં મેયર હિતેષ મકવાણા, મનપાની સ્ટે.કમિટીના ચેરમેન જશવંત પટેલ, યોગ ફેડરેશન એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ કશ્યપ જાની, યોગ બોર્ડના ઓએસડી વિશનસિંહ બેદી, ઝોન કોઓર્ડિનેટર રાધેશ્યામ યાદવ, મનપાના કાઉન્સિલર હેમાબેન ભટ્ટ, વીએમ એન્ટરપ્રાઈઝના ડાયરેક્ટર મનુ રબારી સહિત યોગ બોર્ડના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ખેલાડીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોજવામાં આવેલી યોગ સ્પર્ધામાં વિવિધ જિલ્લાના ૩૦ વિજેતા સ્પર્ધકોએ ઝોન કક્ષાએ ભાગ લીધો હતો જેમાં ઝોન કક્ષાએ વિજેતા બનેલાં ખેલાડીઓમાં બહેનોમાં પ્રથમ ક્રમાંકે મહેસાણાની પુજા પટેલ, દ્વિતિય ક્રમાંકે આણંદની ભાવના ઠાકોર અને તૃતીય ક્રમાંકે ખેડાની ફાલ્ગુની પટેલ તેમજ ભાઈઓમાં પ્રથમ ક્રમાંકે મહેસાણાના વિજય પટેલ, દ્વિતિય ક્રમાંકે ગાંધીનગરના ઉદય સોની અને તૃતીય ક્રમાંકે મહેસાણાના શ્લોક પટેલ વિજેતા બન્યાં હતાં. વિજેતા ખેલાડીઓને અનુક્રમે રૂ.૨૫ હજાર, ૧૫ હજાર અને ૧૧ હજારના ઇનામ સાથે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ્સ તેમજ સર્ટિફિકેટ્સ એનાયત કરાયાં હતાં. યોગ બોર્ડના ગાંધીનગર મહાનગરપાલિકાના કોઓર્ડિનેટર ભાવના જોષી, ડીએસઓ તથા યોગ બોર્ડના કોચ, લિડર્સ અને ટ્રેનરોએ ઉત્સાહપૂર્વક સહકાર આપ્યો હતો જેમાં યોગેશ જણસારી, આશાબેન, સ્મિતાબેન, મનિષાબેન, સચિનભાઈ, જગદીશભાઈ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

આજે રાજ્ય અને દેશભરમાં ઉજવાશે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩ના રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની થીમ 'વૈશ્વિક કલ્યાણ માટે વૈશ્વિક વિજ્ઞાન' રખાઇ

ગાંધીનગર, તા.૨૭

૨૧મી સદી એટલે વિજ્ઞાનની સદી. વિજ્ઞાનની મદદથી માનવીએ સમયે સમયે એવી શોધો કરી જેના થકી ખુદનો તો જીવનવિકાસ થયો જ પણ સમગ્ર માનવજાતને નવી દિશા મળી. આજે વિજ્ઞાન વગરની દુનિયાની કલ્પના થઈ શકે તેમ નથી. વિજ્ઞાને 'અથ થી ઈતિ' સુધીના તમામ ક્ષેત્રોમાં નવી તકનિકો આપીને માનવીના જીવનને સુગમ બનાવ્યું છે. ભારતવર્ષના મહાન ઋષિઓથી માંડીને આધુનિક વૈજ્ઞાનિકોએ વિજ્ઞાનને અપનાવ્યું છે અને અઢળક શોધો થકી જન સેવાના પ્રમાણ દીધા છે.

ભારતના એવા જ એક મહાન વૈજ્ઞાનિક સર સી. વી. રમનના માનમાં દર વર્ષે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે. ભારતના પ્રસિદ્ધ ભૌતિકશાસ્ત્રીઓમાં ગણનાપાત્ર એવા સર સી. વી. રમને ૨૮મી ફેબ્રઆરીએ તેમની 'રામન ઈફેક્ટ' શોધની ઘોષણા કરી હતી. આ શોધે ભૌતિક શાસ્ત્રમાં એક નવું સોપાન ઉમેર્યું હતું. તેમની આ અદભૂત શોધ માટે તેમણે વર્ષ ૧૯૩૦માં નોબલ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. સર સી, વી. રામન દ્વારા શોધાયેલ રમન ઈફેક્ટ ભૌતિક વિજ્ઞાન માટે ચેન્જ મેકર સાબિત થઈ હતી. તેમની આ શોધની મદદથી ફાઈબર ઓપ્ટિક્સ, વાઈફાઈ, ટેલિકોમ્યુનિકેશન વગેરે સરળ બન્યું છે. આવા મહાન વૈજ્ઞાનિકના કાર્યોને બિરદાવવા તેમજ લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ પેદા કરવા માટે દર વર્ષે ૨૮ મી ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે. નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજીના નિવેદન બાદ ભારત સરકાર દ્વારા ૨૮ ફેબ્રુઆરી, ૧૯૮૬માં સર સી. વી. રમનના માનમાં તેમજ વિજ્ઞાન થકી રાષ્ટ્ર નિર્માણમાં પોતાનો ફાળો નોંધાવનારા અન્ય વૈજ્ઞાનિકોને બિરદાવવા માટે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ શરૂ કરાયો હતો.

સ્માર્ટકિડ્સ નર્સરી માં "ગ્રાન્ડ પેરેન્ટ્સ" દિવસની ઉજવણી

સ્માર્ટકિડ્સ નર્સરી માં "ગ્રાન્ડ પેરેન્ટ્સ" દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેઓ સંભાળ રાખનાર છે અને તેમના નાના બાળકોમાં નૈતિક મૂલ્યો કેળવે છે.બાળકના યોગ્ય વિકાસ અને વિકાસ માટે દાદા દાદી વિશેષ ભૂમિકા ભજવે છે.તેથી દાદા દાદી માટે તેમના ગ્રાન્ડ ચાઈલ્ડની શાળાની મુલાકાત લેવાની અને શાળામાં આનંદ અને પ્રવૃત્તિઓ કરવાની તક હતી. આ પ્રસંગ બાળકોને દાદા દાદી સાથે શાળામાં રમતગમત સાથે પ્રવૃત્તિ માણવા નું પ્રોત્સાહન પણ પૂરું પાડનાર છે. આ પ્રસંગે દાદા દાદી ને તેમનું બાળપણ યાદ આવી ગયું હતું.

પાનસર ત્રણ રસ્તા પરથી દેશી તમંચા સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના કલોલ ખાતે લારી પર નાસ્તો કરવા બેઠેલા યુવકને દેશી તમંચા અને જીવતા કારતુસ સાથે એલસીબી પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ પોલીસની ટીમના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે કલોલના પાનસર ત્રણ રસ્તા નજીક નાસ્તાની લારી પર એક શખ્સ બેઠો છે. તેની કમરના ભાગે રીવોલ્વર જેવુ હથીયાર સંતાડી રાખ્યું તેવુ જણાઈ આવે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા શંકાસ્પદ યુવકની ધરપકડ કરી હતી. જેમાં યુવકની કમરના ભાગેથી દેશી તમંચો મળી આવ્યો હતો. પોલીસે તે શખ્સનું નામ પુછતા તેણે કાસમ છાયાભાઈ સિંધી અને તે સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા ગામના પરા વિસ્તારમાં રહેતો હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે યુવકને તમંચો લઈ કેમ બેઠો છે તેમ પુછતા તેણે યોગ્ય જવાબ ન આપતા તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા ખાતે આઈસીડીએસ ઘટક-૨ ગાંધીનગર મિલેટસ-૨૦૨૩ અંતર્ગત વાનગી હરિફાઈ યોજાઈ

ચિલોડા, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત બાલમંદિર આંગણવાડી-૪ ખાતે આઈ.સી.ડી.એસ. ઘટક-૨ સોજો મહિલા બાળ વિકાસ વિભાગ, જિ.પં. ગાંધીનગર દ્વારા પોષણ અભિયાન મિલેટસ-૨૦૨૩ની ઉજવણી અંતર્ગત વિવિધ વાનગી હરિફાઈનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વિજેતા બહેનોને સંસ્થા તરફથી ભેટ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જગદીશભાઈ વી. ગોહીલ આંકડા મદદનીશ, જીગ્નાબેન પટેલ મુખ્ય સેવિકા, રોહિતભાઈ ગજ્જર ડીસ્મુ કો.ઓડિનેટર, સંજય રાવલ એન.એન.એમ. કો. ઓર્ડિનેટર, નીતાબેન રાવલ, જશોદાબેન, નટુભાઈ પટેલ પત્રકાર, આંગણવાડી બહેનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી સંઘ ગાંધીનગર તરફથી દર વર્ષે બોર્ડના અધિકારીઓ તથા કર્મચારીઓના બાળકો કે, જેઓ બોર્ડમાં ૧૦માં તથા ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતા હોય તેઓને શુભેચ્છા રૂપ એક ગિફ્ટ આપવામાં આવે છે. આ વર્ષે -૨૦૨૩ માં પણ સ્ટાફ પરિવારના બાળકોને એક પ્રોત્સાહન મળે તેવા હેતુથી એક શુભેચ્છા ગિફ્ટ આપવામાં આવી હતી.

ગાંધીનગરમાં ગોદર્શન ગાઈડના 'ઝુનોસીસ' વિશેષાંકનું મુખ્યમંત્રી હસ્તે વિમોચન

ગાંધીનગર, તા.૨૭

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પશુપાલન ખાતાના સહયોગથી ગોદર્શન ટ્રસ્ટ, ગોંડલ દ્વારા પ્રકાશિત થતા ગોદર્શન ગાઈડના 'ઝુનોસીસ-પશુઓમાંથી મનુષ્યમાં ફેલાતા પ્રતિસંચારિત રોગો' વિશેષાંકનું ગાંધીનગરમાં વિમોચન કર્યુ હતું. આ વિશેષાંકમાં પશુઓમાંથી મનુષ્યમાં ફેલાતા પ્રતિસંચારિત રોગો જેવા કે હડકવા, ક્ષય, બ્રુસેલ્લોસીસ, લેપ્ટોસ્પાયરોસીસ સંબંધમાં તેનો ફેલાવો, ચિન્હો, અટકાવ, વિશેષ તકેદારી વિગેરેની માહિતીનો સમાવેશ કરવામાં આવેલો છે.

રાજ્યની વિવિધ વેટરીનરી કોલેજોના પ્રાધ્યાપકશ્રીઓ, પશુપાલન ખાતાના અધિકારી શ્રીઓ સહિતના જે-તે ક્ષેત્રના તજજ્ઞ લેખકો પાસેથી લેખો મેળવીને ખૂબ જહેમતથી આ વિશેષાંક તૈયાર કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કૃષિ-પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ તેમજ ગોદર્શન ટ્રસ્ટના ચેરમેન અને ભુવનેશ્વરી પીઠ ગોંડલના મહંતશ્રી ઘનશ્યામ મહારાજની ઉપસ્થિતીમાં આ વિશેષાંકનું વિમોચન કર્યુ હતું. ''ગોદર્શન ગાઈડ'' સામાયિક છેલ્લા પાંત્રીસ વર્ષોથી નિયમિત રીતે રાજ્યના પશુપાલકો સમજી શકે તેવી લોકભોગ્ય અને ગુજરાતી ભાષામાં દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે. સમગ્ર ગુજરાતમાં ૧૦,૦૦૦ કરતાં વધુ નકલનો ફેલાવો ધરાવતું આ સામયિક હજારો પશુપાલકો સુધી પહોંચે છે. એટલું જ નહિ, નિયમિત માસિક અંક ઉપરાંત સમયાંતરે વિવિધ વિષયને ધ્યાને રાખીને વિશેષ અંક પણ તૈયાર કરવામાં આવે છે. આ વિશેષાંકના વિમોચન પ્રસંગે પશુપાલન સચિવશ્રી કૌશિક ભિમજિયાણી, પશુપાલન નિયામકશ્રી ડૉ. ફાલ્ગુની ઠાકર તેમજ ''ગોદર્શન ગાઈડ'' સામાયિકના તંત્રી ડૉ. એન. બી. પ્રજાપતિ સંપાદક અને સંપાદક મંડળના અન્ય સભ્યો પણ સહભાગી થયા હતા.

નારદીપુર ગામે પ્રાકૃતિક કૃષિ બાગાયતી ખેતીનું નવું આયામ અંતર્ગત ખેડૂત માર્ગદર્શન શિબિર

ગાંધીનગર, તા.૨૭

''આઝાદી કા અમૃત મહોત્સવ ''અંતર્ગત નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા ''પ્રાકૃતિક કૃષિ બાગાયત ખેતી નું નવું આયામ'' થીમ હેઠળ તા. ૨૪/૦૨/૨૦૨૩ના રોજ બિલેશ્વર મહાદેવ મંદિર સંકુલ, ગામ નારદીપુર, કલોલ ખાતે બાગાયતી ખેતીનું નવું આયોજન અંતર્ગત બાગાયત ખાતા ની વિવિધ યોજનાઓ, ગાય આધારિત પ્રાકૃતિક ખેતી નું મહત્વ, ખેતી ખાતાની વિવિધ યોજનાઓ જેવા વિવિધ વિષયો અંગેની માહિતી ખેડૂત તાલીમ શિબિરમાં આપવામાં આવી.

જેમાં કુલ ૨૦૯ જેટલા ખેડૂતો હાજર રહી માર્ગદર્શન મેળવ્યું હતું.

તાલીમમાં શ્રી કૌશિક એન. દેસાઈ, બાગાયત અધિકારી દ્વારા બાગાયત પાકો માં પ્રાકૃતિક ખેતી, શ્રીગૌતમભાઈ પ્રગતિશીલ ખેડૂત રાચરડા દ્વારા પ્રાકૃતિક ખેતી નું મહત્વ અને તેની સમજ પૂરી પાડી હતી, શ્રી ડોક્ટર ભાવેશભાઈ આર. પટેલ પશુચિકિત્સા અધિકારી દ્વારા પશુપાલન અને તેની વિવિધ યોજનાઓ ની માહિતી આપવામાં આવી જ્યારે શ્રી રાહુલભાઈ ઠાકોર ગ્રામસેવક દ્વારા ખેતી ખાતાની વિવિધ યોજનાઓ ની માહિતી આપવામાં આવી હતી.

આ પ્રોગ્રામનું આયોજન નાયબ બાગાયત નિયામક શ્રી ડો.ફારુક પંજ સાહેબના માર્ગદર્શન હેઠળ બાગાયત અધિકારી શ્રી કૌશિક એન. દેસાઈ અને જીગ્નેશ એ. પટેલ તથા શ્રીમહેન્દ્રસિંહજી રાઠોડ આત્મા પ્રોજેક્ટ ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ હતું.

સે.૫સી ખાતે બેક મારતા ગટરના દૂષિત પાણીથી વસાહતીઓ ત્રસ્ત

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સે.૫સી ખાતે ગટર લાઈન ચોકઅપ થવાને કારણે છે વસાહતીઓને અનેક પ્રકારની મુશ્કેલી પડી રહી છે. આ વિસ્તારમાં પ્લોટ નં. ૮૧૬/૨ સહિતના આસપાસના મકાનોના સામેના માર્ગે મુખ્ય ગટર લાઈન ચોકઅપ હોવાને કારણે ગટરનું પાણી આ મકાનોની ચોકડીઓમાં બેક મારતું હોવાથી દૂષિત પાણી બહાર ધસી આવે છે જેના કારણે અસહ્ય દુર્ગંધનો માહોલ સર્જાય છે અને આ મકાનો નારહેવાસી પરિવારો પારાવાર મુશ્કેલી નો ભોગ બની રહ્યાં છે અને તેમના પર રોગાચાળો ફેલાવાનું જોખમ પણ સતાવી રહ્યું છે. આ પરિવારોના દાવા મુજબ આસ્થિતિનો તેઓ છેલ્લાં આશરે દોઢેક વર્ષથી સામનો કરી રહ્યાં છે અને તંત્ર દ્વારા દર વખતે કામચલાઉ કામગીરી કરવામાં આવે છે જેથી થોડા સમયમાં ફરી સમસ્યા ઉદભવેછે. આ સમસ્યા અંગે સ્થાનિક નગરસેવકોથી માંડીને વિવિધ સ્તરે અનેક રજુઆતો કરવા સામે તેનો કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. સત્વરે જવાબદાર તંત્ર દ્વારા આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે તેવી આ વિસ્તારના નાગરિકોમાં માંગ પ્રવર્તી રહી છે.